## હરિની દષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, લો આ ફાઈલ... કાલે કલીયર કરીશ... હું સાચો દેશભક્ત છું... 'કાશ્મીર ફાઈલ' જોયા બાદ જ કામ કરીશ...

# રાજ્યના ૧૨ થી ૧૪ની વયના બાળકો માટે કોરોના રસીકરણનો ગાંધીનગરથી શુભારંભ

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યના ૧૨ થી ૧૪ ની વયના બાળકો માટે ગાંધીનગર સેક્ટર-૨૪ ના અર્બન હેલ્થ સેન્ટરથી કોરોના રસીકરણ અભિયાનનો શુભારંભ કરાવ્યો છે. તદ્ઉપરાંત ૬૦ થી વધુ વયના તમામ વયસ્કો માટે પ્રિ-કોશન ડોઝનો પણ મંત્રીએ આરંભ કરાવ્યો છે.

ભારતીય વૈજ્ઞાનિકોએ ખૂબ જ ટૂંકા ગાળામાં સ્વદેશી વેક્સિન બનાવી તેમાં પણ બાળકો માટે ગણતરીના મહિનાઓમાં વેક્સિન ઉપલબ્ધ કરાવીને વૈશ્વિક સ્તરે ભારતીય વૈજ્ઞાનિકોની સંશોધન શક્તિનો પરચો કરાવ્યો છે તેમ મંત્રીએ ભારપૂર્વક કહ્યું છે.

૧૨ થી ૧૪ની વયના બાળકો માટે આરંભાયેલા રાજવ્યાપી કોરોના રસીકરણ મહાઅભિયાન અંતર્ગત રાજયના ૨૨ લાખથી વધુ બાળકોને બે હજારથી વધુ કેન્દ્રો પર વેક્સિનેટ કરવાની કામગીરી યુધ્ધના ધોરણે આરંભવામાં આવી છે. જેમાં ૨૫૦૦ થી વધુ વેક્સિનેટર રાજયના બાળકોને વેક્સિનેટ કરવાની કામગીરી હાથ ધરશે.

બાળકોને શાળાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને અર્બન હેલ્થ સેન્ટર ખાતે કોર્બેવેક્સ વેક્સિનનો પ્રથમ ડોઝ આપીને સુરક્ષા કવચ પ્રદાન કરવામાં આવશે.જયારે ૨૮ દિવસના અંતરાલ બાદ બાળકોને વેક્સિનનો બીજો ડોઝ લગાવવામાં આવશે તેમ મંત્રીએ જણાવીને રાજ્ય સરકાર પાસે કોર્બેવેક્ષ વેક્સિનના પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું જણાંવ્યું હતુ.




## ખૂણેખાંચરેથી

- ૧૨ થી ૧૪ વર્ષના બાળકોના રસીકરણ અભિયાનના આરંભે આજે ગાંધીનગર મનપાની હદમાં જ મુખ્યમંત્રી, આરોગ્યમંત્રી અને રાજ્ય આરોગ્ય મંત્રીએ હાજરી આપી હતી.
- ગાંધીનગર જિલ્લામાં ૮ સિનીયર કલાર્ક તરીકે ફરજો બજાવતા કર્મયોગીઓ નાયબ ચિટનીસ સંવર્ગની ખાતાકીય પરીક્ષામાં પાસ થતાં કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી.
- ભાજપ જિલ્લા યુવા મોરચાના પ્રમુખ વિજેન્દ્રસિંહ વાઘેલાએ પિંડારડા ગામની આંગણવાડી-૧ ના ૧૦૫ તથા આંગણવાડી-૨ના ૩૦ બાળકોને દત્તક લઈ નિયમિત પૌષ્ટિક આહાર ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કર્યુ.
- દહેગામના જાલિયામઠના આશાસ્પદ યુવાને ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.
- જિલ્લાના ખેડૂત આગેવાનોનું એક પ્રતિનિધિમંડળ ધારાસભ્યો સાથે અનિયમિત વીજપુરવઠાને લઈ આજે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મળ્યુ હતુ.
- આજે તાલુકા વિકાસ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક જિલ્લા પંચાયત ખાતે યોજાઈ હતી.
- આજે રાજ્ય વિધાનસભા ગૃહની બે બેઠક હતી અને બન્ને બેઠકોમાં પ્રશ્નોત્રી હતી. જોકે પ્રશ્નોત્રીના સમય જોવા મળતી રાજકીય ઉત્તેજનાઓ ઓછી હતી.
- ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરના કેળવણી સંસ્થાના વડીલો આજે ગાંધીનગર વિધાનસભામાં આવ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં પાનખરના કારણે ખરી રહેલા પાંદડાઓથી જાહેર માર્ગો અને ફેન્સીંગ કરેલા વિસ્તારોમાં ગંદકીનું સામ્રાજ્ય વધ્યુ છે.



## શહેર યુથ કોંગ્રેસમાં ફેનીલ પટેલની મહામંત્રી-પ્રવકતા તરીકે વરણી કરાઈ

આજે ગાંધીનગર શહેર-જીલ્લા યુથ કોંગ્રેસમાં મહામંત્રી-પ્રવકતા તરીકેની જવાબદારી ફેનીલ પટેલને આપવામાં આવી છે. ત્યારે આ જવાબદારી સ્વીકારી ફેનીલ પટેલે આગામી એક મહિનામાં ગાંધીનગર શહેર-જીલ્લા યુથ કોંગ્રેસને મજબુત બનાવવાનો સંકલ્પ કરી થોડા સમયમાં ગાંધીનગર શહેરમાં યુથ કોંગ્રેસનું વોર્ડ દીઠ માળખુ બનાવીને મજબુત યુવાનોની ટીમ બનાવવાની જાહેરાત કરી હતી. ફેનીલ પટેલને યુથ કોંગ્રેસમાં મહામંત્રી-પ્રવકતા તરીકે વરણી કરવામાં આવતા યુવા કાર્યકરો અને મિત્ર મંડળ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ગુજરાત બ્રહ્મ સમાજના વોર્ડ નં.૮ના નવા હોદ્દેદારો

વોર્ડ નં. ૮ બ્રહ્મ સમાજ ગાંધીનગરના સે-૫ એ-બી-સી વોર્ડ નં.૮ના હોદ્દેદારોની નિયુકિત કરાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે જીતેન્દ્રભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ ભરતભાઈ જોષી, મુકેશભાઈ દવે, મહામંત્રી તરીકે યોગેશ શુકલ, મંત્રી તરીકે હિમાંશુ ભટ્ટ, ખજાનચીમાં વિનોદભાઈ ભટ્ટ, સંગઠનમંત્રીમાં હિતેન્દ્ર પુરોહિત, નિશાંત જાની, સલાહકારમાં રમેશભાઈ દવે અને કારોબારી સભ્યોમાં વિનોદભાઈ રાવલ, કનુભાઈ ત્રિવેદી, ભરતભાઈ જોષી, રવિરંજન ઓઝા, ભરતકુમાર ત્રિવેદી, નવનીતલાલ ત્રિવેદીની નવા હોદ્દેદારોમાં નિયુકિત થઈ હતી.

# રક્ષાશકિત સર્કલ પાસે બે ટ્રક ધડાકાભેર ટકરાઈ : એકનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૧૬

શહેરના રક્ષાશકિત સર્કલ પાસે ગઈ મધ્યરાત્રીએ બે ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં કપચી ભરેલુ આઈવા પલ્ટી ખાઈ જતા નીચે દબાઈ જતા ડ્રાઈવરનું કમકમાટી ભર્યુ મૃત્યું નિપજયું છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મનોજસિંહ પરબતસિંહ ઝાલા(ઉં.૨૮, રહે. ગામ-વગડી તા.હિંમતનગર જી.સાબરકાંઠા) પોતાના પરિવાર સાથે રહે છે. મનોજસિંહ અને જીતેન્દ્રસિંહ બંન્ને ભાઈ છેલ્લા નવ વર્ષથી જય અંબે કોંક્રીટ ખાતે નોકરી કરીએ છીએ. જયઅંબે ક્રોકીટ રતનપુર ગામે આવેલી છે. જયાં મનોજભાઈ કડંકટર અને જીતેન્દ્રભાઈ ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. જય અંબે કોંકીટના માલિક રાકેશ પટેલની આઈવા ગાડી નં.જી.જે.૦૨.એકસ.એકસ.-૪૭૦૩ ચલાવી બંન્ને ભાઈઓ આંતરોલી ગામ નજીક આવેલી નેશનલ કોરીમાં કપચી ભરવા ગયા હતા. બંન્ને જણા કપચી ભરી રાત્રીના એક વાગ્યાના અરસામાં રતનપુર જવા માટે પરત ફર્યા હતા. તે સમયે ટ્રક જીતેન્દ્રસિંહ ચલાવતા હતા અને કેબીનમાં બાજુમાં મનોજસિંહ બેઠા હતા. ટ્રક તલોદ, મજરા, ચિલોડા, લવારપુર થઈ શાહપુર બ્રિજ થઈ રક્ષાશકિત સર્કલ પાસે પસાર થઈ રહ્યા હતા. તે સમયે રાત્રીના ૩ વાગ્યાના અરસામાં બટાકા ભરેલી ટ્રક નં. એમ.એચ.૨૩.એ.આર.૪૮૮૩ ના ચાલકે આઈવા ટ્રકની ડ્રાઈવર સાઈડમાં જોરદાર ટક્કર મારી હતી. જેથી ટ્રક પલટી ફંટાઈ જઈને પલટી મારી ગઈ હતી. તે સમયે મનોજભાઈને ડાબા પગે ઢીંચણના ભાગે અને માથામાં કપાળમાં ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. ત્યારે મનોજભાઈને ડોકટરે તપાસી ડાબા પગે ફ્રેકચરનું જણાવ્યું હતું. ત્યારે મનોજભાઈએ જણાવ્યું હતું કે સામેથી આવેલી ટ્રકની ટક્કર વાગતા આઈવા ફરી જતા જીતેન્દ્રસિંહ ઉછળી નીચે પટકાયા હતા. તે સમયે ટ્રક પલ્ટી ખાઈ જતા નીચે દબાઈ જવાથી આઈવા ટ્રકના ડ્રાઈવર જીતેન્દ્રસિંહ પરબતસિંહ ઝાલાનું મૃત્યુ નિપજયું હતું. જયારે બનાવ બાદ ચાલક ટ્રક મુકીને નાસી ગયો હતો. બનાવ અંગે મનોજભાઈની ફરીયાદનો પગલે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



ઉનાળો હજુ શરૂ થયો છે ત્યાં સૂકા પાંદડાઓમાં આગ લાગવાના બનાવો વધી રહ્યા છે. સેકટર-૬ના 'ગ' રોડ ઉપર સૂકા પાંદડાઓમાં ગરમીના કારણે આગ લાગી હતી. પવનના કારણે આગ વધુ ફેલાઈ હતી.

# ચિલોડા વીજ કચેરીએ અનિયમિત અને અપૂરતા વીજ પુરવઠાને લઈને ખેડૂતોનો હલ્લાબોલ

ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથકે આવેલ વીજ કચેરી ખાતે કચેરીને તાળુ મારી દેતા હલ્લાબોલ મચાવ્યો હતો. રાત્રી દરમ્યાન વીજ પુરવઠો આપવાથી અનેક સમસ્યાઓનો ખેડૂતોને કચેરીએ ઉનાળુ સીઝનના વાવેતરના સમયે વીજ ધાંધિયાથી ખેડૂતોની ઊંઘ હરામ થઈ જતાં પાક બચાવવા, વીજ પુરવઠો શાહપુર, વજાપુરાના ગામોના અગ્રણી ખેડૂતો વીજ કચેરીએ ડે. ઈજનેર બામણીયા સાથે વીજ મુદ્દે ઉગ્ર રજુઆત કરી હતી. ત્યારબાદ





ખેતીવિષયક વીજ પુરવઠો મેળવતા ૧૦ ગામોના ૮૦ થી વધુ ખેડૂતોએ ચિલોડા વીજ સબ સ્ટેશન ખાતે ભેગા થઈ તમામ કર્મચારીઓને બહાર બોલાવી સામનો કરવો પડે છે. વીજ પુરવઠો આઠ કલાકને બદલે અપૂરતો અને અનિયમિત ચારથી પાંચ કલાક જેટલો આપવામાં આવે છે. યુ.જી.વી.સી.એલ. સબ સ્ટેશનથી નિયમિત મળે તેવી માંગ સાથે વીજ કચેરીએ ચિલોડા પંથકના ચિલોડા, પ્રાંતિયા, જાખોરા, ડભોડા, શીહોલીમોટી, નવાપુરા, વિરાતલાવડી, લવારપુર, એક કલાક બાદ કચેરીના કર્મચારીને બહાર કાઢી તાળુબંધી કરી હતી. ત્યારબાદ પોલીસ મધ્યસ્થી બની મામલો થાળે પાડ્યો હતો.

# નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, દિલ્હી વચ્ચે સમજૂતી કરાર થયા

ગાંધીનગર, તા. ૧૬

નેશનલ ફોરેન્સિકસાઈન્સ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, દિલ્હી, ગૃહ મંત્રાલય, દ્રઝ્-દિલ્હી વચ્ચે તા.૧૬મી માર્ચ, ૨૦૨૨ના રોજ તાલીમ-સંશોધન સહિત શૈક્ષણિક આદાન-પ્રદાનનું સંયુક્ત રીતે આયોજન કરવા માટેના સમજૂતી કરાર (MoU) થયા હતા. નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર (NFSU)ના કુલપતિ ડૉ. જે. એમ. વ્યાસની ઉપસ્થિતિમાં સી.ડી. જાડેજા, એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર, દ્રહ્લજેં અને શ્રીમતી દીપા વર્મા, ડાયરેક્ટર, હ્લજીન્, દિલ્હી દ્વારા આ સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU)ના કુલપતિ, ડો. જે. એમ. વ્યાસે જણાવ્યું હતું કે આ સમજૂતી કરાર બન્ને સંસ્થાઓ વચ્ચે તાલીમ કાર્યક્રમ, વિવિધ શૈક્ષણિક આદાન-પ્રદાનની સાથોસાથ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે ઉચ્ચ કક્ષાનું કૌશલ્ય વિકસિત કરવામાં સહાયક બનશે.

આ સમજૂતી કરારનો હેતુ ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે ટેક્નોલોજીકલ અપ-ગ્રેડેશન, નવા સંશોધન દ્વારા વિદ્યાર્થીવર્ગના કૌશલ્ય અને જ્ઞાનમાં વધારો થાય તે માટેનો છે. ખાસ કરીને વિદ્યાર્થીઓને શિક્ષણ, તાલીમ, સંશોધન, સંશોધન સામગ્રીનું આદાન-પ્રદાન, પ્રકાશન, વૈજ્ઞાનિક સાધનો, નવા સોફ્ટવેરમાં માર્ગદર્શન સહિતની સુવિધાઓ પ્રદાન કરાશે. સાથે જ સંશોધકો માટે ગાઈડ અને કો-ગાઈડની સુવિધા પણ પ્રાપ્ત થશે. આ બન્ને સંસ્થાઓ સાથે મળીને તાલીમ કાર્યક્રમ, પ્રશિક્ષણ શિબિર, સંગોષ્ઠિ, કાર્યશાળાનું આયોજન પણ કરશે.

આ સમજૂતી કરાર દરમિયાન પ્રો. (ડૉ.) નવીનકુમાર ચૌધરી, ડીન-સ્કૂલ ઓફ સાયબર સિક્યોરિટી એન્ડ ડિજિટલ ફોરેન્સિકસ; પ્રો. (ડૉ.) પૂર્વી પોખરીયાલ, ડીન-સ્કૂલ ઓફ લો, ફોરેન્સિક જસ્ટિસ અને પોલીસી સ્ટડીઝ; એરકોમોડોર કેદાર ઠાકર, સ્કૂલ ઓફ પોલીસ સાયન્સ એન્ડ સિક્યોરિટી સ્ટડીઝ; ડો.ધર્મેશ સિલાજીયા, ડીન-સ્કૂલ ઓફ ફોરેન્સિક સાયન્સ; આર.એન. ગુણા, ડેપ્યુટી ડાયરેકટર (ટ્રેનિંગ), એનએફએસયુ; ડો. દિવ્યેશ ભગત, કંટ્રોલર ઓફ એકઝામ; અનુરાગ શર્મા, આસિસ્ટંટ ડાયરેક્ટર, હ્લજીન્, દિલ્હી; ડો. કનકલતા વર્મા, આસિસ્ટંટ ડાયરેક્ટર, હ્લજીન્, દિલ્હી અને ડો. રુકમણિ કૃષ્ણમૂર્તિ ઉપસ્થિત રહ્યા હતા.




હોળી-ધૂળેટીના તહેવારોની ઉજવણી માટે શ્રમિકોએ વતન તરફ જવાનુ શરૂ કર્યુ છે. રાજસ્થાન અને દાહોદ-ગોધરા તરફ જતી બસોમાં ભીડ જામી છે. શ્રમિકોએ વતન તરફ જવા માટે એટલી બધી ભીડ લગાવી દીધી છે કે શ્રમિકોને બસોની છત પર બેસાડવાની ફરજ પડી રહી છે. બસોની છત પર બેસીને શ્રમિકો જોખમી મુસાફરી કરી રહ્યા છે.

# ટ્રકમાંથી ૫૫ પેટી બિયર ગાયબ થતાં ફરિયાદ

## લુધીયાણાથી ટ્રક શાહીબાગ સીએસડી ડેપો ખાતે આવવા નીકળ્યો હતો

પંજાબના લુધીયાણાથી બિયરના ૪૮૧ બોકસ લઈ ટ્રક શાહીબાગ સીએસડી ડેપો ખાતે આવવા માટે નીકળી હતી. ગત તા.૨૨ ફેબ્રુઆરી થી નીકળેલી ટ્રક તા.૩ માર્ચના રોજ અમદાવાદ પહોંચી હતી. ત્યારે શાહીબાગ સીએસડી ખાતે બિયરના બોકસ ગણતા તેમાં માત્ર ૪૨૬ બોકસ નીકળ્યા છે. ત્યારે માર્ગમાં ૫૫ બોકસ બિયરના ગાયબ થઈ જતા ટ્રક ચાલક સામે ફરીયાદ નોંધાઈ છે.

નશાબંધી અને આબકારી કોન્સ્ટેબલ જીતેન્દ્રકુમાર જયંતિલાલ પટેલે નોંધાવેલી ફરીયાદ મુજબ શામળાજી ચેકપોસ્ટથી ગાડી નં.એચ.આર.૬૩.બી.૫૦૫૮ ને એસ્કોર્ટ વહન કરવા માટે આદેશ મળ્યો હતો. જેથી તા.૨ માર્ચના રોજ શામળાજી થી નીકળીને સાંજે સીએસડી ડેપો ખાતે પહોંચી ગયા હતા. ગાડીના ડ્રાઈવર હરપ્રિતસિંહ સરબતજીતસિંહ (રહે.બરવાલી કલાઈ તા.ખમાણુ જી ફતેહગંજ પંજાબ), અને જસબીરસિંહ પ્રકાશિંહ મિસ્ત્રી (ઉં.૫૭, રહેકુલારી તા.ખરડ જી મોહાલી પંજાબ), હતા. સીએસડી ડેપો શાહીબાગનો કામકાજનો સમય સવારે ૯.૩૦ થી સાંજે ૫.૩૦ નો છે. જેથી ગાડી બીજા દિવસે સવારે ખાલી કરવાની હોવાથી તેને મિલેટ્રી કેમ્પસમાં સીસીટીવી કેમેરા દેખાય તે રીતે સીએસડીના ગેટ પાસે પાર્ક કરી હતી. જયારે ટ્રકમાં બંન્ને જણા હાજર હતા.કોન્સ્ટેબલના પિતા બિમાર હોવાથી ફોન આવ્યો છતા ટ્રક એસ્કોર્ટ કરી યોગ્ય જગ્યાએ મુકાવી અધિકારીને જાણ કરી રવાના થયા હતા. ત્યારે બીજા દિવસે સવારે જીતેન્દ્રભાઈ શામળાજી ચેકપોસ્ટ જવા માટે રવાના થયા હતા તે સમયે માર્ગમાં ડ્રાઈવર હરપ્રિતનો ફોન આવ્યો હતો. તેણે કહ્યું કે અમોને નાના ચિલોડા ઓવરબ્રિજ પાસે ટ્રાફિક પોલીસે દ્વારા રોકવામાં આવ્યા છે.જેથી તેમણે કહ્યું કે તે ગાડી મિલેટ્રી કેમ્પસમાંથી કેમ બહાર કાઢી છે. તેથી તેણે ટ્રાફિક પોલીસને ફોન આપતા ગાડી વ્યવસ્થિત પાર્ક કરવા જણાવ્યું હતું. જેથી ટ્રાફિક પોલીસે ટોયટો શો રૂમની પાસે પાર્ક કરાવી હું ના આવું ત્યાં સુધી ગાડી ખસેડતો નહી તેમ જણાવી ઉપરી અધિકારીને પણ આ અંગે જાણ કરી હતી. ત્યારબાદ ફરીવાર ટ્રક લઈને સીએસડી ડેપો ખાતે પહોંચ્યા હતા. ત્યાં જઈને સ્ટાફની હાજરીમાં ગાડીમાં માલની ચકાસણી કરતા ટ્રકમાં રહેલા બોક્ષ વેરણ છેરણ હતા. તેથી ટ્રક ડ્રાઈવરની વધુ કડકાઈથી પુછતાછ કરતા તેણે જણાવ્યું કે તા.૨ માર્ચના રોજ રાત્રીના ૧૦ વાગે અજાણ્યા શખ્સોએ મારી સાથે મારામારી કરી હતી. જેથી હું અને જસબીરસિંહ બંને ગાડી લઈને નીકળી ગયા હતા. ત્યારે હિંમતનગર હાઈ વે ઉપર આવેલ ઓવરબ્રિજ નીચે ગાડી ઉભી રાખી હું ત્યાંથી ભાગી ગયો હતો. જયારે ટ્રકમાં જસબીર હાજર હતો. જયારે ચાલતા ચાલતા જતા ગાડી સવાર નગારીકોએ ટ્રક પાસે મુકી ગયા હતા. ત્યારે પોલીસે સીએસડી ખાતે સીસીટીવી ફુટેજ ચેક કરતા ત્યાં રાત્રીના સમયે આવી કોઈ ઘટના બની નથી. ત્યારે ડ્રાઈવર હરપ્રિતસિંઘ કડક પુછપરછ કરતા જાણવા મળ્યું કે તા.૨ માર્ચના રોજ રાત્રીના ૧૧ વાગે ટ્રક લઈ નીકળી ગયા હતા. હિંમતનગર હાઈ વે પાસે પુલ નીચે ખુલ્લા ખેતરમાં ગાડી ઉભી કરી દીધી હતી. ગાડી છોડી ડ્રાઈવર ભાગી જતા પોલીસને જાણ થતા ડભોડા પોલીસ આવી ગાડી સ્ટેશન ખાતે લઈ ગઈ હતી. ત્યારે ટ્રક માલિકનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે ગાડી ડીઝલ ભરાવીને નીકળ્યા બાદ ડ્રાઈવરનો ફોન બંધ થઈ ગયો હતો. જયારે ફાસ્ટેગના આધારે લોકેશન મેળળતા ઉદેપુર ટોલટેક્ષ પાર કર્યાનું જાણ થઈ હતી. ત્યારે હાલ તો ટ્રકમાંથી ૫૫ બોકસ બિયરના ગુમ થતા ડ્રાઈવર સામે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની ટૉયવાનમાં બાળકો રમતાં-રમતાં શીખ્યાં ગણિત વિજ્ઞાનના સિદ્ધાંતો

રમકડાંના માધ્યમથી બાળકોનો બૌદ્ધિક અને માનસિક વિકાસ સારી રીતે થઈ શકે તે માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની ટૉયવાન દ્વારા વિવિધ વિસ્તારોમાં નિદર્શન ગોઠવવામાં આવે છે. કુલપતિ હર્ષદભાઈ શાહની પ્રેરણાથી ટૉયવાન દ્વારા બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપવાની પ્રવૃત્તિ સતત વિસ્તરી રહી છે. કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શન અને ડિપાર્ટમેન્ટ ઑફ ટૉય ઈનોવેશનના વડા ડૉ. નિમિષ વસોયાના નિર્દેશ મુજબ, નવયુગ શિશુનિકેતન-વિસનગર ખાતે હાલમાં જ ટૉયવાન નિદર્શન ગોઠવવામાં આવ્યું. આ દિવસે અહીં વિજ્ઞાનમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું અને બાળકો દ્વારા બનાવેલાં વિજ્ઞાનના વિવિધ મૉડેલ્સ અને કલાકૃતિઓની પ્રદર્શની રાખવામાં આવી હતી. ટૉય ઈનોવેશન વિભાગ દ્વારા ટૉયવાન અને રમકડાંના માધ્યમથી બાળકોને ગણિત-વિજ્ઞાન સાથે જોડવાનો તેમજ તેમની જિજ્ઞાસાવૃત્તિ અને સર્જનાત્મક શક્તિને વેગ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આશરે ૫૦૦થી વધારે બાળકો અને તેમના વાલીઓ અને શિક્ષકોએ ટૉયવાનની મુલાકાત લીધી. જ્યાં અવનવાં રમકડાં તથા રમતો રમીને બાળકો આનંદ સાથે ગણિત-વિજ્ઞાનના સિદ્ધાંતો શીખ્યાં. ગતિવાળી તેમજ પઝલ્સ સોલ્વિંગ ગેમ્સે બાળકોને આકર્ષિત કર્યાં હતાં. આ ટૉયવાન નિદર્શન માટે ડિપાર્ટમેન્ટ ઑફ ટૉય ઈનોવેશનના પ્રાધ્યાપક પંકજભાઈ ગોંડલિયા, રાજેશભાઈ વાંસદડિયા અને હર્ષુલ બ્રહ્મભટ્ટે ભારે જહેમત ઉઠાવી હતી.